## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

ખેંચાણમાં તું મુજને જવા દે
ખેંચાણ બ્હારે અથવા થવા દે
ચાહું નહીં તો નવ કોઇને હું
ચાહું છું તો ચાહીશ બેચને હું

- 'કલાપી'

### પાથેય

- રમેશ ઠક્કર

## રાહ જેના ન્યારા છે એવા લોકો...

કેટલીક વાતો એવી રસપ્રદ હોય છે કે એ જેટલી વખત સાંભળીએ આપણું વિસ્મય શમે જ નહી..કવિવર ઉમાશંકર જોષીને એમનો પોતાનો કાવ્યસંગ્રહ કોલેજમાં બી.એ.ના બીજા વરસમાં ભણવામાં આવેલો..! આવો લ્હાવો કોઈને મળે ? જીવનમાં સિધ્ધિઓ તો અનેક મળતી હોય.આજકાલ તો આપણે અખબારો અને સોશિયલ મીડિયા ઉપર જોઇએ છીએ કે ખુબ જ ટૂંકા સમયમાં અમુક લોકો દુનિયાના ટોપ ધનિકોની યાદીમાં આવી ગયા હોય..અમુકને રાતોરાત કોઈ ક્ષેત્રનો મોટો ઈલ્કાબ મળી જાય અને એ સેલિબ્રિટી બની જાય !પણ સાહિત્ય કે કલાના ફિલ્ડમાં એમ અનાયાસ કશું બનતું નથી !

સંગીત સાધનામાં રિયાઝનો એક સાતત્યપૂર્ણ અભ્યાસ જરૂરી છે.કોઈ ચિત્રકાર કેટલાય આડાઅવળા કલરના આટાપાટા રચે એ પછી કોઈ કલાકૃતિ ઉપસી આવતી હોય છે..કોઈ ખેલાડી સ્પર્ધાના મેદાનમાં ઉતરે એ પહેલાં કેટકેટલી આકરી એક્સરસાઈઝ અને નેટ પ્રેક્ટિસ કરતો રહે છે..એ પછી એનામાં અડીખમ ઉભા રહેવાની કાબેલિયત આવતી હોય છે..આ બધા પરિશ્રમ પાછળ જિંદગીનાં એમનાં અમૂલ્ય વરસોની મહેનત હોય છે..પરંતુ કલા અને સાહિત્ય જગતમાં માત્ર આટલું જ પુરતું નથી..પુરૂષાર્થ સિવાય એમાં બીજાં બે અગત્યનાં પરિબળો ભાગ ભજવે છે એક માણસની નિયતિ અને બીજું એની પ્રતિભા.

આપણે ઘણા કિસ્સાઓમાં જોઈએ છીએ કે અમુક કલાકારો લેખકો કે રમતવીરો નાનકડી ઉમરમાં માની ન શકીએ એવા કામો કરી જતા હોય છે..શું હોય છે એની પાછળનાં કારણો ? એવું કહેવાય છે કે કલાકારો જન્મજાત હોય છે..એને કોઈ સ્કૂલ કે યુનિવર્સિટી પેદા ન કરી શકે.માત્ર સોળ કે સત્તર વર્ષની ઉંમરે કપિલદેવ કે સચીન તેંડુલકર જેવા ક્રિકેટરો મેદાનમાં આવીને આંતરરાષ્ટ્રિય સ્તરે જે રમતનું પ્રદર્શન કરી જાય એ એક અજુબા જેવી ઘટના હોય છે..કોઈ ઉભરતા નવ લેખકની વાર્તાઓ કે નવલકથા અને એનો રસપ્રદ અનુભવ આપણને નવાઈ પમાડે છે.ચુનીલાલ મડિયા એમનો પ્રથમ વાર્તા સંગ્રહ લઈ પ્રવેશ્યા ત્યારે એમની ઉમર ફક્ત બાવીસ વરસની હતી ! એમણે કિશોરાવસ્થામાં કાઠિયાવાડનું પોતાનું વતન છોડી દીધું હતું.. અને મુંબઈ જેવા મહાનગરમાં વસતા હતા છતાંય એમની કથાઓમાં સૌરાષ્ટ્રનું તળપદું જીવન જાણે જીવંત બની જતું હતું.

જગતની પ્રચલિત ઉપલબ્ધિઓ માટેના ચોક્કસ નિયમો હોય છે...કોઈપણ ડિગ્રી કે ઈલ્કાબ માટે તમારે અમુક નિયમો કે અભ્યાસ કરવા પડે છે. એનો ચોક્કસ સમયગાળો પણ હોય છે..પરંતું અમુક ક્ષેત્રો એવાં પણ છે જેમાં આ બધી પ્રચલિત હકિકતોને અતિક્ર્મીને માણસ કોઇક અનોખી જ ઉપલ્બ્ધિ પ્રાપ્ત કરતો જોવા મળે છે..!અને એટલે જ આવી વિરલ પ્રતિભાઓ માટે આપણને સહુને એક અહોભાવ હોય છે..માત્ર આડત્રીસ વરસની ઉમરે વિવેકાનંદ જેવી આધ્યાત્મિક આખા જગતમાં ભારતીય સંસ્કૃતિનો ડંકો કઇ રીતે વગાડી શકે ? એમના સહયાત્રી વિરચંદ ગાંધી પણ ફક્ત ૩૭ વરસ જીવેલા..એટલી નાની ઉંમરમાં એમણે ભારતના તમામ ધર્મો ઉપર અધ્યયન કરી લીધેલું..અને ચૌદ જેટલી ભાષાઓ ઉપર પ્રભુત્વ મેળવેલું હતું...

ખૂબ જ નાની ઉમરમાં ગુજરાતી કવિતાને ઉચ્ચ આયામ આપનારા કવિ 'કલાપી' માત્ર છવ્વીસ વરસના આયુષ્યમાં વિશ્વ સાહિત્ય સહિત ભારતીય સાહિત્યનો જે અભ્યાસ કરી શકેલા એ પણ આજાયબી જેવું છે..એમની ગઝલોની લોકપ્રિયતા અને સુફીવાદની અદ્ભુત ફિલસૂફી અભ્યાસીઓ માટે કાયમ વિસ્મયકારક રહયાં છે...કવિઓ સર્જકોની આવી અવનવી વાતો હંમેશાં આપણને રોમાંચ આપી જાય છે..આપણા રસ્તાઓ કદાચ એકસરખા હોય છે..એવા લોકો માટે 'કલાપી' કહે છે 'હમારા રાહ ન્યારા હૈ..!'

# ઉત્તરપ્રદેશમાં રાજકીય ભૂકંપ

**તંત્રીસ્થાનેથી...**

મકર સંક્રાંતિ ભારતીય જનતા પાર્ટી માટે માઠા સંકેત લઈને આવી. ધાર્યા કરતાં ઘણું વધારે નુકશાન પહોંચે એવા બનાવોનો સિલસિલો શરૂ થઈ ગયો છે. ચૂંટણી આડા ગણતરીના દિવસો છે અને પક્ષ છોડી, પદ છોડી અખિલેશ યાદવની સમાજવાદી પાંખમાં ભરાઈ જનારા વગદાર ધારાસભ્યો તથા નેતાઓની લાઈન લાગી છે. ઉત્તરપ્રદેશ ભાજપ અને એના એવરગ્રીન મહાનાયક નરેન્દ્ર મોદી માટે 'વોટરલૂ' ની લડાઈ સાબિત થઈ શકે છે. મહાન વિશ્વ વિજેતા નેપોલિયન બોનાપાર્ટ વોટરલૂ ખાતેના યુદ્ધમાં નેલ્સન સામે હારી ગયો હતો અને ત્યાં જ એની વિજયકૂચનો અંત આવી ગયો હતો. ઉત્તરપ્રદેશ ભારતનું હૃદય છે. એના ધબકારા બંધ થયા એટલે દિલ્હી દૂર થઈ જતું હોય છે. પંડિત જવાહરલાલ નહેરુ, લાલબહાદુર શાસ્ત્રી, ઈંદિરા ગાંધી, રાજીવ ગાંધી, વિશ્વનાથ પ્રતાપસિંહ, ચંદ્રશેખર, અટલ બિહારી વાજપેયી અને ચૌધરી ચરણસિંહ સહિતના નેતાઓ વાયા ઉત્તરપ્રદેશ દિલ્હીના મયૂરાસન સુધીની મંજિલ આંબી શક્યા હતા એ સુપેરે સમજનારા નરેન્દ્ર મોદીએ પણ ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં ગુજરાતની વડોદરા બેઠક ઉપરાંત વારાણસીથી ઉમેદવારી કરી હતી. ભવિષ્યમાં વડાપ્રધાન પદના સક્ષમ દાવેદાર કેજરીવાલે એમની સામે ઉમેદવારી નોંધાવીને એ જ પ્રથાને અનુમોદન આપ્યું હતું. કયારેક ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રીઓ - એન.ડી. તિવારી અને મુલાયમસિંહ યાદવે પણ વડાપ્રધાન પદનાં સપનાં જોયાં હતા અને 'બહેનજી' ના હુલામણા નામે જાણીતાં બહુજન સમાજ પાર્ટીનાં સર્વોચ્ચ નેતા તો એવી જાહેરાતો કરાવતાં પણ થઈ ગયેલાં. રાહુલ ગાંધીએ ગુમાવેલું ગ્રાઉન્ડ એમની લાડકી ભગિની રિકવર કરવા આકાશપાતાળ એક કરી રહી છે. તો વળી માયાવતી ફરી એકવાર એમના પ્રિય ડેપ્યુટી સતીશચંદ્ર મિશ્રા મારફત બ્રાહ્મણ-દલિત યુતિના ચમત્કાર મારફત ઉત્તરપ્રદેસ પર ફરી હાથી હાવી થાય એવાં સપનાં સેવી રહ્યા છે. સપનાં જાવાનો જન્મજાત અધિકાર છે, ભલે એનો બંધારણમાં ઉલ્લેખ ન થયો હોય ! પરંતુ કઠોર વાસ્તવ એ છે કે છેલ્લાં વર્ષો દરમિયાન નરેન્દ્ર મોદીએ વૈશ્વિક નેતા તરીકે કાઠું કાઢવા ઉપરાંત પગ ધરતી પર રાખ્યા છે. હિંદુ રાષ્ટ્રની રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘની કલ્પના મુજબ અયોધ્યા, પ્રયાગ, કાશી અને મથુરામાં પ્રયોગો શરૂ થઈ ચૂક્યા છે. વળી કટ્ટર હિંદુત્વના આગ્રહી મઠાધીશ ઉત્તરપ્રદેશનું સુકાન સંભાળી રહ્યા છે જેમણે સમાજવાદી પાર્ટીના વરિષ્ઠ નેતા આઝમખાન અને બાહુબલી ગુંડા મુસ્લિમ આગેવાનોની બોલતી બંધ કરી દીધી છે. આવા 'પરાક્રમી' મુખ્યમંત્રી સામે ખુદ એમની જ પાર્ટીના ઓબીસી અને બ્રાહ્મણ નેતાઓ નારાજ છે. ઓબીસી સમાજ પર વર્ચસ્વ ધરાવતા કેટલાક મજબૂત મંત્રીઓ અને ધારાસભ્યોએ બરાબર ગ્રહણ ટાણે જ 'સાપ' કાઢી 'સાપ'ની યાદવ ટોળી સાથે ચૂંટણીની રાસલીલા રમવાનું પસંદ કર્યું છે. આ એક જબરદસ્ત રાજકીય ભૂકંપ છે, પરંતુ એ કેટલા રિક્ટર સ્કેલનો છે અને સત્તાધારી પાર્ટીને કેટલું નુકશાન પહોંચાડી શકશે એ તો ૧૦ માર્ચના દિવસે મત ગણતરી થશે ત્યારે જ ખબર પડશે. અખિલેશ યાદવ એકાએક મુખ્યમંત્રી પદના મજબૂત દાવેદાર તરીકે ઉપસ્યા છે. નાના પ્રાદેશિક પક્ષો સાથે સમાધાન કરીને એમણે સપાની My મુસ્લિમ યાદવ યુતિમાં ઓબીસીની અન્ય જાતિઓ તતા જાત ખેડૂતોને ઉમેર્યા છે. પ્રિયંકા તથા માયાવતી-મિશ્રા ભાજપની બ્રાહ્મણ વોટબેંકમાં ગાબડું પાડે અને દલિતો પણ એમની મૂળ પાર્ટી કોંગ્રેસ તરફ વળે તો અખિલેશ યાદવને ફાયદો થઈ શકે એમ છે. રામ અને મોદી-બેઉનો કરિશ્મા અકબંધ હોવા છતાં ઉત્તરપ્રદેશ યોગીના હાથમાંથી સરકી શકે છે.

# જે મળે તે ગમે નહીં અને ગમે તે મળે નહીં !




તેઓનું કહેવું હતું:'આ મકરસંક્રાંતિ એટલે કે આ તહેવારની વિશેષતામાં ચૌદ જાન્યુઆરી દિવસ નક્કી છે.તેમાં કોઈ ફેરફાર થતો નથી.વ્રપછી આગળ ઉમેરીને કહ્યું હતું:'મોટાભાગના તહેવારોમાં આવું બનતું નથી. તહેવારમાં વચ્ચે ક્યાંક ધોખો કે કોઈ નડતર પડતર જેવું આવી જાય!વ્રતેઓનું કહેવું તદ્દન સાચું હતું. પણ દેશના મોટાભાગમાં આ તહેવાર નિશ્ચિત હોય છે. આ તહેવારનું ધાર્મિક, ખગોળિય, ભૌગોલિક અને આરોગ્યની દ્રષ્ટીએ ખાસ મહત્વ છે. તેમાં સૂર્ય મકર રાશિમાં પ્રવેશ કરે છે અને ઉનાળાનો ઉદ્ભવ થાય છે.

આપણે ઉત્સવપ્રિય પ્રજા છીએ.કોઈ વાર-તહેવારને નિમિત બનાવી અંતેતો મઝા લઈ,આનંદ માણી એ છીએ.ખાસતો છેવાડાના સમાજ,વિસ્તારમાં લોકો ઉત્સવમાં ઓળઘોળ થઈ જે મઝા માણતા હોય છેતે ભલભલા ભૂપતિને પણ દુર્લભ તેમજ ઈર્ષા ઉપજાનારી હોય છે.આધ્યાત્મિકતામાં પણ આનંદની ઉપલબ્ધિ ને પરમતત્વની લગોલગ મૂકી છે.ઉત્સવ માનવ મનને માંઝી ઉજળા કરે છે.રોજિંદી ઘરેડ,એકધારાપણા માંથી બહાર કાઢે છે. જીવનરસમાં ઉમેરો કરે છે.પોતાના પરિવારમાં પણ ઝાંખીને જોવાની તક આપે છે. મકરસંક્રાંતિની ખરીદી માટે બજાર ઉભરાયું હતું.હૈયેહૈયું દળાય, અથડાય એવી ભરચક ભીડ હતી. કોરોના છે,હતો...એવું સઘળું વિસરાઈ ગયું હતું. દિવાળીના દિવસોમાં આવું બન્યું હતું અને પછીના કાળમાં કોરોનાએ ઉથલો માર્યો હતો. સત્યતો એ છે-જાન હૈતો જહાન હૈ ! જીવતા હોઈશું તો તહેવાર ફરી આવશે !

પણ પતંગ તૂટવા ને લૂંટવા પૂર્વે ખરીદીનો આનંદ લૂંટવામાં માણસ રમમાણ થઈ ગયો હતો. બોર, શેરડી...ને ખાસતો પતંગની વિવિધતામાં,મનપસંદ ને વળી પોસાય,પરવડે તેવા ભાવમાં ખરીદી કરવાનો પણ એક વિશેષ આનંદ હોય છે.માણસના ખિસ્સાને પરવડે એવું આ પણ ચપટીક સુખ ગણાય.આવું સુખ મેળવવાનો માણસનો અધિકાર છે.અને હા,પસંદગીમાં પતંગનું બજાર હોય કે અપેક્ષાનું...પણ માણસ સતત ફાંફાને હવાતિયા મારતો રહે છે કારણ કે મળે તે ગમે નહીં અને ગમે તે મળે નહીં ! આ ઉઘાડી હકીકત છે.

આ નિબંધ,નિર્બંધપણે લખી રહ્યો છું ત્યારે ચારેબાજુથી કીકિયારીઓ સંભળાવા લાગી છે.હવે પપુડા અને ટેપરેકોર્ડરનો કાન ફાડી નાખે તેવો કર્કશ અવાજ શરુ થશે. લાગે છેકે પતંગ ચગાવવા માટે જગત જાગી ગયું છે,ધાબાઓ ભરાવા કે ઊભરાવા લાગ્યા છે.શાંતનગર જાતભાતના અવાજથી અકળાવા લાગ્યું છે.પોતાનો પતંગ ચગાવવા કરતા કોઈનો પતંગ કાપવાનો આનંદ વધારે હોય છે.આનંદની આવી અભિ વ્યક્તિ જાતને રાજી રાખવા કે પછી અન્યને અભિભૂત કરવા માટે હોય..તે સમજવું અઘરું છે.એક કાગળ ભલે પવનના સહારે ઊંચે ચઢેપણ પતંગ ચગાવવા માટે કાબેલિયત જોઈએ.ફીરકી પકડી માત્ર ઠુમકા મરા વવાથી પતંગ આસમાને આંબતો ને સ્થિર થતો નથી.મોટાભાગે માણસના જીવનમાં પણ આવું જ હોય છે.

મકરસંક્રાંતિની પૂર્વતૈયારી રૂપેતે સમયે પતંગ બનાવવા માટે પસ્તી થયેલા છાપાના કાગળ, વાંસ ની સળીઓ,બાવળનો ગુંદર અને પુંછડું બાંધવા લાંબુ ચીંથરું...આ અમારી અમૂલ્ય સામગ્રી ગણાતી.પછી દુકાનેથી દસ પૈસાની દોરાની લટ લઈ કિન્ના બાંધી ખુલ્લા ખેતરમાં જઈ પતંગ ચગાવવાનો...તેમાં એકાદ પાસે તૈયાર પતંગ હોય.અન્યએ સાથે જઈ માત્ર જોવાનું ને દોસ્તી સારી હોયતો વળી ઉડતા પતંગનો દોર બેઘડી હાથમાં પકડવાનો અવસર મળે!દિવાળીની રાતે પણ સુરતથી વતનમાં આવેલા રત્નકલાકારો ફટા કડા ફોડતા...ને તેના ધડાકા-ભડાકા સાંભળી અમે કુદકા મારતા..! અંતેતો આનંદ માણવાની પ્રક્રિયા હતી. સાંજ વેળા આખું આકાશ પતંગોથી છવાયેલું હતું.પણ તેની વચ્ચે,પોતાના જ વિશાળ ક્ષેત્રમાં જાત બચાવીને આમતેમ ઉડતા વિહંગને જોઈ દયા ને કરુણા વ્યક્ત કર્યા સિવાયનો કોઈ વિકલ્પ નહોતો.આપણો આનંદ કોઈના મોતનું નિમિત ન બને..અને આવા તહેવાર માત્ર ધાર્મિક ને સામાજિક વ્યવહાર સાચવવામાં વહેંચાઈ ને વેડફાઈ જવાના બદલે જીવનમાં ઉર્જા,ઉષ્મા,ઉત્સાહ અને ઉલ્લાસ ઉમેરનાર બને તે જરૂરી છે.

**છેલ્લે :**

માણસ માર્કેટમાં કેટલા રૂપિયા વાપરે છે એનાં કરતા શું ખરીદી લાવે છે તે મહત્વ હોય છે !

http://raghavjimadhad.blogspot.com
mo. 94270 50995

### દિન મહિમા

- નેશનલ સ્ટાર્ટઅપ ડે : સ્ટાર્ટઅપનું કલ્ચર દેશના છેવાડા સુધી પહોંચે તે માટે ૧૬ જાન્યુઆરીને નેશનલ સ્ટાર્ટઅપ ડે તરીકે ઉજવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.
- શરદચંદ્ર ચટ્ટોપાધ્યાયનો જન્મ - ૧૯૩૮માં આ દિવસે થયો હતો બંગાળી ભાષાના વિખ્યાત સર્જક શરચંદ્ર ચટ્ટોપાધ્યાયનો જન્મ થયો હતો. એમના લખાણોમાં વીસમી સદીના બંગાળી જનજીવનનું અદ્દ્ભૂત ચિત્રણ છે અને અનેક ભારતીય ભાષાઓમાં એમની કૃતિઓ અનુવાદિત થઈ છે. જેમાં શ્રીકાંત, દેવદાસ, પરિણીતાનો સમાવેશ થાય છે.

આજનું

### ઔષધ

- પીપળાના સુકાં ફળનો બારીક પાઉડર ૧-૧ ચમચી સવાર, બપોર, સાંજ પાણી સાથે લેવાથી દમ મટે છે.

### ખડખડાટ

- એક મીઠું ને મજેદાર સત્ય...
જલેબીને ફીમેલ ડીશ કહેવામાં આવે છે. કેમ કે એ તૂટી જશે પણ ક્યારેક સીધી નહીં થાય...

આજનો

### વોટ્સએપ

- જીવનમાં જે કંઈ પણ મળે છે એ ગુમાવેલા કરતાં સારું જ હોય છે.

# સાવધાન : કોરોના (ઓમિક્રોન)ની શરું થઈ ગઈ છે ત્રીજી લહેર




સાવધાન થઈ જજો, કોરોનાને ત્રીજી લહેરનો જોરદાર આરંભ થઈ ગયો છે. છેલ્લા છ એક મહિનાથી સમગ્ર ભારતમાં તમામ પ્રજા હાશકારો પામીને એના પૂર્વવત જીવન તરફ વળી ગઈ હતી. આપણે સૌ મોટેભાગે કોરોનાને ભૂલીને પાર્ટી, હૉટેલ, મેરેજ, મૉલ્સ, સિનેમા, સ્કૂલ કૉલેજ, ક્લાસિસ, ઓફિસ, બજાર, મંદિર બધા જ પબ્લિક પ્લેસમાં આરામથી ફરી રહ્યા હતા. હવે કોરોનાનો ભય સાવ નીકળી ગયો હતો. આ સીઝનમાં ખૂબ લગ્નો થયા. પાર્ટીઓ થઈ છે. હનીમૂન માટે અનેક પ્રવાસો થયા. ફરવાના સ્થળોએ બધી હોટેલ્સ ફૂલ છે. મતલબ કે આપણે સૌ માનીએ છીએ કે હવે કોરોના ગયો.

પણ મિત્રો, કોરોના ફરી આવી ગયો છે. અને સાથે એનાથી યે વધુ સંક્રમિત કરનાર, વધુ ભયાનક વાયરસ એમિક્રોન ને પણ લાવી રહ્યો છે. આ એમિક્રોન વેરિયન્ટ કોરોના કરતા ત્રણ ગણો વધારે ફેલાય છે. આ ડિસેમ્બર મહિનાની બીજી તારીખે એમિક્રોનના માત્ર બે જ કેસ હતા. જે વધીને એક મહિનામાં પાંચ હજાર ઉપર થઈ ગયા છે. અને આજની તારીખે કોરોનાના લાખો કેસો એક્ટિવ થઈ ગયા છે. મતલબ રોજે રોજ ડબલથી વધારે ફેલાવો થઈ રહ્યો છે. આપણે એ વાત ભૂલી ગયા છીએ કે ગયા જાન્યુઆરીમાં પણ કોરોનાની બીજી લહેરની શરુઆત ખુબ ધીમી જ હતી. અને પછી ફેબ્રુ–માર્ચમાં ખૂબ વધેલી અને એપ્રિલ–મે માં હાહાકાર મચાવેલો. બસ એ જ પરિસ્થિતિનું ફરીથી નિર્માણ થઈ રહ્યું છે. ગઈ બીજી લહેર જ્યારે ચરમસીમાએ હતી ત્યારે આખા દેશમાં રોજના એક લાખને દસ હજાર નવા કેસ થતા હતા અને રોજના પાંચેક હજાર મૃત્યુ. આ વખતે હજી જાન્યુઆરી મહિનો જ છે અને રોજના કોરોનાના સવા બે લાખથી વધુ નવા લોકો સંક્રમિત થઈ રહ્યા છે. અને ગુજરાતમાં રોજના અગિયાર હજારથી વધારે નવા કેસો થઈ રહ્યા છે. જો આ જ ગતિથી કોરોના દોડશે તો આ વખતે માર્ચ એપ્રિલમાં દેશમાં રોજના દસ પંદર લાખ અને રાજ્યમાં રોજના એકાદ લાખ કેસ થશે અને અડધા ભારતમાં ને ગુજરાતમાં ફરીથી હાહાકાર મચાવશે.

ગાંધીનગરમાં આજે પણ અનેક શિક્ષિત લોકો માસ્ક નથી પહેરતા. સોશિયલ ડિસ્ટન્સ નથી જાળવતા. આવા લોકો એમ માનીને ફરે છે કે હવે કોરોના શું કરવાનો છે ? પણ જ્યા સુધી કોરોના થયો નથી ત્યાં સુધી સારું છે. જ્યારે આવા લોકોને કોરોના થશે ત્યારે સમજાશે કે માસ્ક પહેર્યો હોત તો સારું હતું. ઠીક છે કે જેમને વેકસિનના બન્ને ડોઝ લાગી ગયા છે તેઓને કોરોનાની ઘાતક અસર કદાચ નથી થવાની પણ કોરોના તો તેઓને પણ થઈ શકે છે. હજી મૃત્યુ રેટ ખૂબ ઓછો છે ત્યાં સુધી સારું છે. પણ હવે એ ય વધી રહ્યો છે. અને અત્યારે જે રોજના બે લાખ નવા લોકો કોરોનાથી સંક્રમિત થઈ રહ્યા છે તેમાંથી ૭૫થી ૮૦ ટકા લોકોએ વેકસિન નથી લીધી એવા લોકોને કોરોના થાય છે. એવો રિપોર્ટ દિલ્હીથી મળી રહ્યો છે. પહેલી અને બીજી લહેરમાં મળીને આખા ભારતમાં લગભગ પાંચેક કરોડ લોકો સંક્રમિત થયા છે અને પાંચેક લાખ લોકોનું મૃત્યુ. હજી એક સોને પચ્ચીસ કરોડ લોકો બાકી છે. અને આવા બન્ને લહેરથી જેઓ બચી ગયા છે તેઓ એવું માનીને બજારોમાં ફરી રહ્યા છે કે કોરોના જેવું કંઈ છે જ નહી. આવા લોકો આજે વધુ સંક્રમિત થઈને બીજાને સંક્રમિત કરે છે. વળી બીજું એક તથ્ય એ પણ છે કે હવે મોટેભાગે કોરોનાનો રિપોર્ટ આવ્યા પછી સારવાર ઘેર અપાય છે. તેથી હજી હોસ્પિટલો ફૂલ નથી થઈ. પણ જો આમ જ બેદરકારી ચાલશે તો એકાદ બે મહિનામાં કોરોના અને મૃત્યુનો આ ખેલ ફરીથી મોટો ખેલાવાનો. એ નિશ્ચિત છે. વળી ઉપરથી આ વખતે તો એમિક્રોન પણ બૂલેટ ટ્રેનની ઝડપે આગળ વધી રહ્યો છે. મિત્રો, જો આ વખતે મૃત્યુનો મહાતાંડવ ખેલાતો ના જોવો હોય તો બિનજરૂરી બહાર નીકળવાનું બિલકુલ બંધ કરી દેવાની જરૂર છે.

ત્રીજી લહેર લાવવામાં આપણી પ્રજાનો જ વાંક છે. છેલ્લા ચાર છ મહિનાથી બધી જ રીતે બેદરકારી રાખીને ફરતી રહી છે. ગાંધીનગરમાં જેટલી સ્કૂલો, ક્લાસિસો છે તેમાં મોટેભાગે કોઈ વિદ્યાર્થીઓ માસ્ક પહેરતા નથી. હોય છે તો ગળામાં કે દાઢીએ લટકાવેલું રાખે છે. ઘણા ક્લાસિસો તો આજે પણ આવી ગંભીર સ્થિતિમાં એક ક્લાસરૂમમાં પચાસથી વધારે વિદ્યાર્થીઓ બેસાડે છે વળી બધા એક સાથે છૂટતા ટોળે ટોળા એક સાથે રૂમમાંથી બહાર નીકળે છે. સ્કૂલ કે ક્લાસિસોના સંચાલકો આ બાબતે ધ્યાન રાખતા નથી. વિદ્યાર્થીઓ એટલા ગંભીર નથી. અને વાલીઓને એમ છે પોતાના સંતાનો માસ્ક પહેરીને ગયા છે. આ ત્રિસ્તરીય બેદરકારી આખા ગાંધીનગરને ભારે પડી રહી છે. આજે ગાંધીનગરમાં પણ રોજના બસો કેસ થઈ રહ્યા છે. હજી મંદિરોમાં શ્રદ્ધાળુઓની ભીડ થઈ રહી છે. ઈશ્વરમાં શ્રદ્ધા રાખવાથી નહી માસ્ક પહેરવાથી, સાવચેતી રાખવાથી કોરોના નથી થવાનો.

આપણી મોટાભાગની પ્રજા ફરજ પાડો તો જ માને એવી છે. કડક લોકડાઉન પાડવામાં આવે તો જ ઘરમાં રહે. અન્યથા કામ વિના પણ આજેય લાખો લોકો બજારમાં વિના માસ્ક ઘૂમી રહ્યા છે. જેઓ વધુ પડતા આત્મવિશ્વાસમાં બધા માટે જોખમ ઊભું કરી રહ્યા છે. આજે ગાંધીનગર શહેરમાં દર ત્રણ મિનિટે એક કોરોનાનો કેસ સામે આવી રહ્યો છે. આજે પંદર સો જેટલા એક્ટિવ કેસો છે બે ત્રણ મહિના પછી આ કેસો લાખોની સંખ્યામાં આપણા જ શહેરમાં હશે. અમદાવાદમાં પહેલા હતી તેનાથી પણ વધારે ખરાબ પરિસ્થિતિ બની રહી છે પણ હજી અમદાવાદીઓ ઊંઘે જ છે. મારું માનવું છે ત્યા સુધી પાંચ દસ ટકાને બાદ કરતા હવે કોરોનાથી કોઈ ડરતું નથી. કોરોનાનો જે ભય હતો એ ભય હવે નીકળી ગયો છે.હવે બધા નિશ્ચિંત બની ગયા છે. ગઈ બીજી લહેરમાં તો એક લાખ રોજના કેસ હતા ત્યારે બજારોમાં સન્નાટો ફેલાયેલો હતો. સૌ કોઈ ઘરમાં બેસી રહેતું હતું એટલા ડરેલા હતા. જ્યારે આજે રોજના સવા બે લાખથી વધારે લોકો સંક્રમિત થતા હોવા છતાંય આપણે સૌ કોઈપણ જાતના ડર વિના બજારમાં આરામથી ફરીએ છીએ. ગયા વર્ષે જે ભૂલ આપણી પ્રજાએ જાન્યુઆરી ફેબ્રુઆરીમાં કરેલી એ જ ભૂલ ફરીથી આ વર્ષે પણ જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં કરી રહ્યા છીએ. આ વર્ષે પણ માર્ચ એપ્રિલમાં કોરોના ખૂબ જ હાહાકાર મચાવશે. ત્યારે આપણે સ્વયંભૂ લોકડાઉન પાળીને ઘરમાં બેસીસું ત્યાં સુધી નહીં. હાલ ૧૨૦ દેશોમાં એમિક્રોન ફેલાયો છે. બ્રિટનમાં રોજના એક લાખથી વધુ કેસો થઈ રહ્યા છે. અમેરિકામાં રોજના દસ લાખ કેસો થઈ રહ્યા છે અને ઓસ્ટ્રેલિયામાં તો સંપૂર્ણ લોકડાઉન જ આપી દેવામાં આવ્યું છે. જ્યારે ભારતમાં હવે સંપૂર્ણ લોકડાઉન આપી શકાય એમ નથી. છતાંય સરકાર એની રીતે પોતાની આગામી વ્યવસ્થાઓ કરી જ રહી છે. બસ માત્ર પ્રજાને સમજ નથી આવતી. આજે સરકારી અને પ્રાઈવેટ બસો હજીએ ફૂલ પેક ફરે છે.

હવે સરકારે પણ કોરોનાની ગાઈડ લાઈનના પાલન માટે કડક પગલા ઉઠાવવાની જરૂર છે. જાહેર બધા જ સ્થળોએ ત્રણથી વધુ લોકોને બહાર જવાનો પ્રતિબંધ લાવી દેવાની જરૂર છે. બધા ટ્યુશન ક્લાસિસો બંધ કરાવવાની જરૂર છે. હજી ધોરણ નવથી ઉપરની સ્કૂલો ચાલું છે. કોલેજો, યુનિવર્સિટીઓ ચાલું છે જે બધું બંધ કરવાની જરૂર છે. સરકારી ઓફિસોમાં સ્ટાફ અડધો કરીને એકાંતરિયે આવવા જવાની વ્યવસ્થા કરવી જોઈએ.

તો મિત્રો, આવો આપણે સૌ સાથે મળીને કોરોનાની ત્રીજી લહેરનું સ્વાગત કરીએ. સાથે એમિક્રોનને પણ આવકાર આપીએ.

- 9426060601.india@gmail.com

# ઈ-વ્હીકલ્સ : ગતિ પકડવામાં બહુ વાર નહીં લાગે...!




પેટ્રોલના ભાવ ભલે અત્યારે સ્ટેબલ હોય પણ અત્યારના ભાવ પણ સામાન્ય વાહનચાલકના ખિસ્સાને ડામ તો આપી જ રહ્યા છે અને ભવિષ્યમાં હજુ વધુ ડામ આવી શકે છે. પેટ્રોલ/ડીઝલ સૌથી વધુ વપરાતું ફ્યુઅલ હોવા છતાં પણ એની વધતી કિમતોને લીધે લોકો ઈંધણના બીજા પર્યાયો તરફ વળતાં ગયા છે એમાં સીએનજી નેક્સ્ટ ચોઈસ છે પણ સીએનજી ના ભાવ પણ વધતાં હોવાથી હવે પેટ્રોલ અને સીએનજી ના ભાવો વચ્ચે બહુ ખાસ કઈ તફાવત રહ્યો નથી એવામાં વાહન ચાલકો ઈંધણના બીજા ઓપ્શન્સ તરફ નજર દોડાવી રહ્યા છે એમાં હવે નજર પડી છે ઈલેક્ટ્રિકથી ચાલતા વાહનો પર. આજથી પાંચ કે દસ વર્ષ પહેલા કોઈએ વિચાર્યું નહીં હોય કે ભારતના રસ્તાઓ પર ઈ-વ્હીકલ દોડતા હશે પણ આજે ધીમે ધીમે એ પરિસ્થિતિ આવી રહી છે. ઈ-વ્હીકલ્સનું વેંચાણ ધીરે ધીરે વેગ પકડી રહ્યું છે એનો અંદાજો સોસાયટી ઓફ મેન્યુફેક્ચરર્સ ઈલેક્ટ્રિક વ્હીકલ્સ (જદ્દદ્દી) ના આ આંકડા બતાવે છે. ૨૦૨૦ માં લગભગ ૧ લાખ ઈલેક્ટ્રિક ટુ-વ્હીલર ની સામે ૨૦૨૧ માં આ વેંચાણ લગભગ ૨.૩૩.૦૦૦ વાહનોનું થયેલું, મતલબ કે ગયા વર્ષ કરતાં ડબલ..!! મજાની વાત એ છે કે છેલ્લા પંદર વર્ષોમાં લગભગ ૧૦ લાખ ટુ-થ્રી વ્હીલર અને ઈ-બસો / કારો વેંચાયેલી એની સામે માત્ર જાન્યુઆરી ૨૦૨૨ માં જ આટલા વાહનો વેચાવાનો અંદાજ છે.

વિશ્વના ૧૦ સૌથી પ્રદૂષિત શહેરોમાં જ્યારે ભારતના અનેક શહેરો સામેલ હોય ત્યારે પ્રદૂષણની દ્રષ્ટિએ પણ ઈલેક્ટ્રિક વ્હીકલ દેશ માટે જરૂરી છે. અને આનંદની વાત એ છે કે ભારતના સૌથી પ્રદૂષિત રાજ્યો ઉત્તર પ્રદેશ અને દિલ્હીમાં ઈ-વ્હીકલ્સનું વેંચાણ સૌથી વધુ છે. જો કે ઈ-વ્હીકલ્સની પુરપાટ દોડમાં સૌથી વધુ નડતર એની કિમત છે. ટુ-વ્હીલરમાં મળતી સરકારી સબસીડીને લીધે એનું વેચાણ વધ્યું છે પણ દેશમાં પ્રદૂષણમાં જેનો સૌથી વધુ ફાળો છે તે કોમર્શિયલ વ્હીકલ્સ અને કાર્સ ની કિમતો હજુ ગજા બહારની છે. જેમ કે દેશની સૌથી વધુ વેચાતી ઈલેક્ટ્રિક કાર ટાટા નેક્શન ઈવી ની કિંમત લગભગ ૧૪ લાખ આસપાસ છે જે એના જ પેટ્રોલ વર્ઝનની ૭ લાખ કિમત થી ઘણી વધુ છે. એ જ રીતે ભારતની સૌથી સસ્તી ઈલેક્ટ્રિક કાર ટાટા ટીગોર લગભગ ૧૨ લાખ, એમ જી હેક્ટર ૨૧ લાખ, હ્યુન્ડાઈ ૨૩ લાખ, બીએમડબ્લ્યુ અને ઓડીની ઈલેક્ટ્રિક કર ૧ કરોડ પ્લસ કિમતમાં પડે છે. આ ઉપરાંત ટોયોટા, લેક્સસ અને વોલ્વો પણ બજારમાં છે પણ કિમતો તો ઊંચી જ છે અને ખાસ તો બેટરીની ઊંચી કિમતોને લીધે હજુ આ કિમતો ઊંચી રહેવાની જ. જો કે સરકાર ઈલેક્ટ્રિક ગાડીઓમાં જેનો ખર્ચ લગભગ ૩૦% જેવો આવે છે અને અત્યારે આયાત કરવું પડે છે તે એડવાંન્સ કેમેસ્ટ્રી સેલ ને ભારતમાં બનાવવા પર પણ વિચાર કરી રહી છે કે જેનાથી ઈલેક્ટ્રિક ગાડીઓનો ઉત્પાદન ખર્ચ ઘટી શકે. આમ છતાં અનેક કંપનીઓ બજારમાં આવી રહી છે. નિશાન, મારુતિ, ફોર્ડની કારો આવી રહી છે. જો કે હજુ ફૂલ ઈલેક્ટ્રિક વાહનોના વેચાણમાં ટુ અને થ્રી વ્હીલરનો ફાળો ૯૦% છે. ઓલા, હીરો જેવી નામાંકિત સહિત અનેક અનામી કંપનીઓ બજારમાં છે જ, ચેતક ઈલેક્ટ્રિક બજારમાં મૂકનાર બજાજ ઓટો એ પુનામાં એક નવો ઈલેક્ટ્રિક વાહનો બનાવવાનો પ્લાન્ટ લગાવી દીધો છે અને લગભગ આ વર્ષના જૂન થી ઉત્પાદન પણ શરૂ થઈ જશે.

આકર્ષક કિમતો, સરકારી સબસીડીઓ અને ઓછા મેન્ટેનન્સ ના ખર્ચને લીધે વધુ ને વધુ લોકો ઈ-વ્હીકલ્સ તરફ વળી રહ્યા છે. જો કે હજું પણ ઈ-વ્હીકલ્સની કિમતો મોટી અડચણ છે. ટુ-વ્હીલરમાં તો ઠીક છે પણ ફોર વ્હીલરની કિમતો હજુ પણ સામાન્ય લોકોને પોસાય એવી નથી. જો કે ઉત્પાદકોને આશા છે કે આવનાર સમયમાં કિમતો હજુ પણ ઘટી શકે છે. કિમતો સીવાય ભારતમાં હજુ ઈ-વ્હીકલ્સ માટેનું યોગ્ય સેટઅપ નથી થઈ શક્યું. બીજું કે ફૂલ ટેક્ક કરીને કે ગમે ત્યાં પેટ્રોલ/ડીઝલ ભરાવી શકવાની જેમ ઠેકઠેકાણે ચાર્જિંગ સ્ટેશનો માટે ઘણું કામ કરવું હજુ બાકી છે. અત્યારે જે પણ વ્હીકલ મળી રહ્યા છે એની ટુ-વ્હીલરમાં ફૂલ ચાર્જિંગ પર ૧૦૦ કિમી સુધીની અને અમુક ચુનંદા ફોર વ્હીલર મોડેલમાં ૩૦૦ કિમી ની આસપાસ ની છે.ચાર્જિંગ સ્ટેશનો લાગી રહ્યા છે પણ હજુ અપૂરતા છે અને એનું કારણ કદાચ વાહનોનું ઓછું વેચાણ પણ છે, પરંતુ એકવાર આ વેંચાણ વેગ પકડશે એટલે ચાર્જિંગ સ્ટેશનો પણ વધવાના જ. કેન્દ્ર સરકારે નવેમ્બર ૨૧ માં જ દેશના પ્રમુખ ૯ એક્સપ્રેસ હાઈવે પર ૬૦૦૦ ચાર્જિંગ સ્ટેશનો લગાવવાની મજૂરી આપી દીધી છે જેમાં અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ વે સામેલ છે. આ ઉપરાંત વાહનો અને ચાર્જિંગ સ્ટેશનોમાં ટેક્ષમાં છૂટ, વાહનોના રજીસ્ટ્રેશનમાં છૂટ, આવા વાહનોને ટોલ ટેક્ષમાં છૂટ અને સરકારી સબસિડી જેવા પગલાઓ લેવાય રહ્યા છે. કેન્દ્ર સરકાર પારંપારિક ઈંધણના વિકલ્પે ઈલેક્ટ્રિક ઈંધણને પ્રોત્સાહન આપવા અનેક યોજના અમલમાં મૂકી ચૂકી છે. સરકાર ટુ-વ્હીલર પર પ્રતિ કિલોવોટ ૧૫૦૦૦ ની સબસીડી આપી રહી છે. ઈલેક્ટ્રિક વાહન ચાલતી વખતે ખૂબ જ ઓછો અવાજ આવતો હોવાથી સુરક્ષા સંબંધી તકલીફ થઈ શકે છે એવામાં સરકાર ઈલેક્ટ્રિક વાહનમાં આર્ટિફિશિયલ અવાજ ઉમેરવાં તરફ વિચાર કરી રહી છે જેથી વાહન ની હયાતીની ખબર બીજાને રહે. પ્રદૂષણ ઘટાડવા દિલ્હી સરકાર ઈ-કોમર્સ અને ફૂડ ડિલિવરી કંપનીઓને ફરજિયાત ઈ-વ્હીકલ વાપરવા પર જોર દઈ રહી છે. અનેક રાજ્યોએ પબ્લિક ટ્રાન્સપોર્ટેશન માટે ઈ-વ્હીકલ પર પસંદગી ઉતારી છે. મહારાષ્ટ્રમાં ઈલેક્ટ્રિક વાહનની ખરીદી પર લગભગ અઢી લાખની સબસિડી મળે છે તો આપણા ગુજરાતમાં પણ ટુ-વ્હીલર માં ૨૦ હજાર, થ્રી વ્હીલરમાં ૫૦ હજાર અને ફોર વ્હીલર પર લગભગ દોઢ લાખની છૂટ મળે છે.

ઈલેક્ટ્રિક વાહનોનું ઉજ્જ્વળ ભવિષ્ય હોવા છતાં પણ ભારતમાં હજુ એના વધુ વિકાસ આડે ઘણી મુશ્કેલીઓ છે. સૌથી પહેલી અને સૌથી મોટી મુશ્કેલી આગળ લખ્યું એમ ચાર્જિંગ સ્ટેશનોની વ્યવસ્થા કરવાની જ છે. લિથિયમ બેટરીને લીધે ટુ-વ્હીલર ને ૫૦-૧૦૦ કિમી પછી અને ફોર વ્હીલરને લગભગ ૨૦૦ કિમી પછી ચાર્જ કરવા જરૂરી થઈ પડે છે. સ્લો ચાર્જરમાં ઘરે ચાર્જ કરતાં ૧૨ કલાક જેવો સમય નીકળી જાય છે. આટલી મોટી વસ્તી ધરાવતા દેશમાં જો ઈલેક્ટ્રિક વ્હીકલોની સંખ્યા વધે તો એના પ્રમાણમાં અને યોગ્ય અંતરોએ આવા સ્ટેશન બનાવવા મોટો પડકાર રહેવાનો. બીજો પડકાર કિમતોનો પણ છે. એવરેજ કિમત કરતાં ઈ-વ્હીકલની કિમતો વધુ છે જેમાં ઘટાડો આ વ્હીકલ્સના વેચાણને વેગ આપી શકે જેમાં હજુ સમય લાગી શકે છે આવું જ કઈક ટેકનિકલ કેપેસિટી, કુશળ કારીગરોની અછત અને ઓછા સર્વિસ સ્ટેશનો માટે છે. ઈ-વ્હીકલ્સના ઉત્પાદનમાં વપરાતી આયાતી સામગ્રી એની કિમતોને વધારે છે, એ સામગ્રીઓ દેશમાં જ ઉત્પાદિત થાય તે જરૂરી છે. આ સીવાય વિજપ્રવાહમાં વધ-ઘટ પણ અગત્યનું ફેક્ટર છે. સરકારે ઈલેક્ટ્રિક વાહન ખરીદનારને લોનમાં પણ છૂટ આપી રાખી છે એમ છતાં પણ આગળ લખી એવી મુશ્કેલીઓના પ્રતાપે ઈલેક્ટ્રિક વાહનોની વેચાણ રફતાર પકડે એ દિવસો દૂર છે પણ બહુ દૂર નથી એ હકીકત છે. હજુ આપણે ત્યાં ઈ-વ્હીકલ ઉત્પાદન અને ઉપયોગ પ્રારંભિક તબક્કામાં છે પણ જેમ જેમ ટેકનિકલ અપડેટ થતાં રહેશે એમ એમ આ બધી મુશ્કેલીઓનો અંત આવતો રહેશે. દુનિયાભરમાં ઈલેક્ટ્રિક વાહનોનો ઉપયોગ વધી રહ્યો છે એવામાં ભારત પણ આમાં પાછળ નહીં રહે એ નક્કી છે, સવાલ છે તો માત્ર એટલો જ કે ઈ-વ્હીકલ્સની અડચણો કેટલી જલ્દીથી ઉકેલાય છે. બાકી જો તમારું રોજનું જવા-આવવાનું અંતર નિશ્ચિત હોય તો ઈ-વ્હીકલ્સ પરિવહનનો એક શ્રેષ્ઠ અને સસ્તો વિકલ્પ છે એ હકીકત છે અને લટકામાં નહીં લાયસન્સની ચિંતા કે નહીં હેલ્મેટની ( ઓછી સ્પીડવાળા ટુ – વ્હીલરમાં ) અને હા તમને બધાથી અલગ ગ્રીન કલરની નંબર પ્લેટ પણ મળશે..!